મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૭૩ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરની શાળા-કોલેજોમાં ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

## તસ્મૈ શ્રી ગુરુવે નમ : ગુરૂપૂજન સાથે શહેરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

**શહેરમાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિવિધ શાળાઓ અને કોલેજોમાં ગુરૂપૂજન કરીને ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત શહેરની સામાજિક સંસ્થાઓમાં પણ ગુરૂપૂજન કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા તથા શાળા કોલેજોમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ગુરૂપૂર્ણિમા નિમિત્તે સાચું માર્ગદર્શન અને ગુરૂનું જીવનમાં મહત્વ શું છે તે અંગે શાળા કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને જ્ઞાન પુરું પાડવામાં આવ્યું હતું. નાના-મોટા સૌએ ગુરૂપૂજન કરી ધન્યતા અનુભવી હતી.**

● આર.જી. પટેલ, સેક્ટર-૨૩

શાળામાં ગુરૂવંદના ગીત વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું તેમજ ગુરૂ મહિમા અંગે વકતવ્ય રજૂ કરાયા હતા. ભારત વિકાસ પરિષદના પ્રમુખ દિપકભાઈ પટેલ, મંત્રી ધર્મેન્દ્રભાઈ જાડેજા, યોગાનંદ હાઈસ્કૂલના આચાર્ય ગોવિંદભાઈ નસીત, ભારત વિકાસ પરિષદના યુવા સભ્ય આર્ય પટેલનો પરિચય ગિતેષભાઈ દ્વારા આપવામાં આવ્યો હતો. શાળામાં દરેક વર્ગમાં પ્રથમ નંબર મેળવેલા કુલ ૨૨ વિદ્યાર્થીઓને ભારત વિકાસ પરિષદના પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ચિત્રકલામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ત્રણ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ત્રણ શ્રેષ્ઠ શિક્ષક મિત્રોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂજન કરવામાં આવ્યું હતું.

● શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળના ગાંધીનગરના આદ્ય સ્થાપક શાસ્ત્રી શ્રી હરિ પ્રકાશ સ્વામીજીની શાસ્ત્રવિધિથી પૂજન વિધિ કરી હતી. ગુરૂજીને સ્ટાફમિત્રો એ ડ્રાયફ્રૂટમાંથી જાતે બનાવેલા ૧૫ ફૂટનો લાંબો હાર પહેરાવી ગુરૂવંદના કરી હતી.

● સરસ્વતી વિદ્યાલય

શાળાના ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓએ સુંદર કાર્ડ બનાવીને શિક્ષકોને શુભેચ્છા પાઠવી હતી. શાળાના શિક્ષકોએ ગુરૂ શિષ્યની પરંપરાને ઉજાગર કરતું પોતાનું વકતવ્ય આપ્યું હતું. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે જીવનમાં શિક્ષણની સાથે સદગુણોનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને જીવનમાં સારા ગુણો કેળવવા પ્રેરિત કર્યા હતા.

● આર.સી. પટેલ સ્કૂલ

શાળાની વિદ્યાર્થીની બહેનોએ સરસ્વતી વંદના કરી સર્વે ગુરૂજનોનું કંકુ-ચોખા વડે પૂજન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન દેવયાનીબેન શુકલએ કર્યું હતું. આચાર્ય વી.એમ. પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

● ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ

વિદ્યાર્થીઓએ ગુરૂના મહત્વ વિશે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. શાળાના ટ્રસ્ટી ડો. પ્રદીપ ગગલાણી અને આચાર્યા જયોતિ ભાવસારે શાળા પરિવારને ગુરૂ પૂર્ણિમાની શુભેચ્છાઓ આપી હતી. વિદ્યાર્થીઓએ શાળાના શિક્ષકો અને સ્ટાફનું પુષ્પ આપી અભિવાદન કર્યું હતું.

● ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂ ગોવિંદના દુહાનું ગાન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ગુરૂનું વિદ્યાર્થી જીવનમાં મહત્વ કેટલું છે તેના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

● ચિલ્ડ્રન યુનિવર્સિટી

જગતના આદિ ગુરુ એવા વેદવ્યાસના જીવનકથન વિશેની માહિતી સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. રાકેશભાઈ પટેલે આપી હતી. તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સહિત તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સંવાદ કર્યો હતો.

● જે.એમ.પી. ગોપાલક કન્યા વિદ્યાલય

ગુરૂપૂજન તથા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂપૂર્ણિમા અંગેના ભજન અને લોકગીત પણ રજૂ કર્યા હતા. બાળકોને માસ્ક તથા સેનેટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકો દ્વારા બાળકોને આશીર્વચન આપી ગુરૂપૂર્ણિમાની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

● એચ.વી. પટેલ એન્ડ વી.એમ. પટેલ, સે-૨૩

શાળામાં દાદા દાદીને બોલાવીને આશીર્વાદ મેળવ્યા હતા. બાળકોના દાદા દાદીએ ખૂબ જ હર્ષની લાગણી અનુભવી હતી. ડાયરેકટર કિરણબેન, આચાર્ય રામી મીનાક્ષીબેન, સ્ટાફમિત્રો તેમજ નાના ભૂલકાંઓને ગુરૂપૂર્ણિમા નિમિત્તે આશીર્વાદ આપ્યા હતા.

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ

ગુરૂ-શિષ્યની પરંપરાને દર્શાવવા જુદી જુદી વેશભૂષા ધારણ કરી નાટક રજૂ કર્યા હતા. કોલેજના અધ્યાપકો દ્વારા મૂલ્યાંકન કરી વિજેતા જાહેર કર્યા હતા. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

● સ્કૂલ ઓફ એચિવર

વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમા સંદર્ભે કાર્ડ બનાવવામાં આવ્યા હતા અને ગુરૂસમાન શિક્ષકોને કંકુ તિલક કરી આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ગુરૂ પરંપરાની પ્રાચીન માહિતી સાથે મંતવ્યો રજૂ કર્યા હતા તથા નાટક અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમ ભારતીય સંસ્કારો પ્રમાણે ઉજવાયો હતો.

● જે.એમ. ચૌધરી

આ પ્રસંગે સમગ્ર શિક્ષાના હિતેન્દ્રભાઈ જોશી, માધ્યમિક શિક્ષણ બોર્ડના ભરતભાઈ ચૌધરી તેમજ ભારત વિકાસ પરિષદ ગાંધીનગરના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તેજસ્વી તારલાઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા રમીલાબેન ચૌધરીએ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

● એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ

મધુર ડેરીના ચેરમેન તથા એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી ડૉ. શંકરસિંહ આર. રાણાની પ્રેરક ઉપસ્થિતિમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.

● પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ

કોલેજની વિદ્યાર્થીનીઓએ ગુરૂપૂર્ણિમાનું મહત્વ તેમજ ગુરૂમહિમા વિશે વકતવ્ય આપ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ.એમ.એમ. ચૌધરીએ ગુરૂમહિમાનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. ગીતાબેન ચૌધરીએ તેમજ મુન્નાબેન ચૌધરીએ કર્યું હતું.

● ઊમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ

વિદ્યાર્થીનીઓ દ્વારા ગુરૂજનોનું કંકુ તિલકથી પૂજન તથા પુષ્પાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રિન્સીપાલ ડૉ. હરિતભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરી વિદ્યાર્થીનીઓને આશીર્વચનો આપ્યા હતા. ડૉ. જેરામભાઈ પટેલ, ડૉ. મુકેશભાઈ ગોર, ડૉ.મનુભાઈ પરમારે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીનીઓ દ્વારા મંત્રગાન, શ્લોકગાન, ગુરૂમહિમા વિષયક વકતવ્ય, ભજનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. જાનકીબા ઝાલા તથા આભારદર્શન કુ. પ્રિયંકા રાઠોડે કર્યું હતું.

● એસ.કે. રાજપૂત શાળા, સેક્ટર-૫

બાળકોએ માતૃવંદના અને પૂજા કરી હતી. આ કાર્યક્રમમાં ભારતીય વિકાસ પરિષદની ટીમ, શાળા પરિવાર, શિક્ષકો, વાલીગણ, વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય કિરણબેન પટેલ, મેનેજમેન્ટ કર્તા નીતિનભાઈ પટેલે મહેમાનોનું પુસ્તક આપી સ્વાગત કર્યું હતું. પ્રાસંગિક પ્રવચન અને શપથવિધિ કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન શ્રેષ્ઠ શિક્ષક અને પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

● એસ.એસ.વી. શાળા

નર્સરીથી લઈ ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ આ દિવસને અનુરૂપ ગાન, નાટિકા, કલાસિકલ નૃત્ય અને ચિત્રો તૈયાર કરી આ દિવસને યાદગાર બનાવ્યો હતો.

● સિદ્ધાર્થ લો કોલેજ

સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે ગુરુ પૂર્ણિમા દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

● વોર્ડ નં.૧૦ના મંદિરોમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગુરુપૂર્ણિમા ના પવિત્ર દિવસે વૉર્ડ-૧૦ ના મંદિરો અને ધર્મ સ્થાનો પર જઈને સંત મહંત અને પૂજારીઓ ને શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું આ કાર્યક્રમમાં મહાનગરના પૂર્વ પ્રમુખ એવમ કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ(દાસ), મીરાબેન પટેલ, તેજલબેન નાયી, મહામંત્રી જયમીનભાઈ વૈદ્ય, યોગેશભાઈ નાયી, જયંતીભાઈ વઘાસીયા, રવિભાઈ ચૌહાણ, મુકેશ ઉપાલા, શંભુભાઈ પટેલ, અન્ય મહાનુભાવો, કાર્યકર્તાઓ જોડાયા હતા. સવારે ૮:૦૦ કલાકે સેક્ટર-૬ ના ભુવનેશ્વર મંદિરથી શરૂઆત કરી ત્યારબાદ સંત રોહિતદાસ મંદિર, ચંદ્રમાઉલેશ્વર મંદિર, સ્વામિનારાયણ મંદિર, અંબાજી મંદિર, સેકટર-૭માં શિવ શક્તિ મંદિર, ભારતમાતા મંદિર, રણછોડરાયજી મંદિર, સેક્ટર-૮માં ત્રમ્બકેશ્વરમંદિર, સેક્ટર-૧માં ગાયત્રી મંદિર, મહાકાલેશ્વર મંદિર, સમર્પણ આશ્રમ, અયપ્પા મંદિર, રાંદેસણ ખાતે ધોલેશ્વર મહાદેવ મંદિરનો ગુરુવંદનાનો કાર્યક્રમ યોજાયો હતો.

● શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ

ગાંધીનગર શહેર /જીલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે બુધવારે સવારે ૯.૩૦ કલાકે સેકટર-૨૨, પંચદેવ મહાદેવ મંદિર ખાતે ગુરૂવંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

● પંચદેવ મંદિર, સે-૨૨

ગાંધીનગરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. પૂ. ફૂલશંકર શાસ્ત્રીજીએ શ્રી વેદ વ્યાસજીની પૂજા કરી વિશ્વ કલ્યાણની મંગલકામના કરી હતી.

● ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ

ગાંધીનગરમાં ગુરૂપૂર્ણિમાની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. વિવિધ મંદિરોમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં ગુરૂપૂજન સહિતના વિધવિધ કાર્યક્રમો યોજાયા હતા. ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેક્ટર-૮ની પ્રાથમિક શાળામાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ગુરૂપૂજા બાદ વિદ્યાર્થિનીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

## સ્મિત મ્યુઝિક ઉજવશે આઝાદી અમૃત મહોત્સવ સંગીત સંધ્યા

ઉર્જાનગર-૨ કમિટિની શુભેચ્છા સહ ગાર્ડન રંગમંચ ઉર્જાનગર વિભાગ-૨, રાંદેસણ ગાંધીનગર ખાતે ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના આર્થિક સહયોગથી આઝાદી અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત શૌર્ય, દેશભકિત ગીત સભર ગુજરાતી લોકગીત, સુગમ, ગઝલ, 'ગુજરાતી સંગીત સંધ્યા'નો ભવ્ય સંગીત જલસો તા. ૧૬-૭-૨૦૨૨ને રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

ભરત ગજજર, જયોતિ ગજજર સહ આમંત્રિત કલાકારો, જીગ્નેશ રાવ ટીમના સભ્યો સંગીત સંગ ધૂમ મચાવશે. દીપ પ્રાકટયને સંગીત સૂરથી શરૂ થનાર કાર્યક્રમમાં આશીર્વાદ આપવા બ્રહ્માકુમારી પૂજયકૈલાસ દીદી અને પ્રોત્સાહન આપવા ખાસ મહાનુભાવોમાં મુખ્ય મહેમાન પદે શહેરના મયર હિતેશ મકવાણા, મધુર ડેરી ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, જગતભાઈ, કોર્પોરેટર મહેન્દ્ર દાસભાઈ સહ સ્થાનિક કોર્પોરેટર્સ તથા કોર્પોરેટર પ્રમુખ લાયન્સ કલબ ઓફ ગાંધીનગર તેમજ જેસીઆઈ કેપિટલ પદમસિંહજી, ન્યુ ગાંધીગનર ચેરીટેબલ ટ્રસ્ટ મંત્રી વાસુદેવભાઈ, શહેર સાહિત્ય સભા અધ્યક્ષ સંજય થોરાત, પત્રકાર સંગઠન પ્રમુખ કશ્યપ નિમાવત વગેરે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સૌને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે સે-૭ ખાતે અશ્વિનકુમાર પાઠકજીના મધુર કંઠે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

૧૪-૭-૨૨ને ગુરુવારના રોજ પરમ પૂજય ગુરુજી શ્રી અશ્વિનકુમાર પાઠકજીના મધુર કંઠે 'સુંદરકાંડ'ના પાઠ સે-૭ ગવર્મેન્ટ કોમ્યુનીટી હોલ, ગાંધીનગર ખાતે સાંજે ૮ થી ૧૦ દરમિયાન ચિંતનભાઈ દવે દ્વારા યોજવામાં આવેલ છે. જેમાં સર્વે ધર્મપ્રેમી વસાહતીઓને લાભ લેવા જાહેર ભાવભર્યું આમંત્રણ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર (રાજયકક્ષા) તરફથી આપવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારીના કૈલાસદીદી, ગાંધીનગર મેયર, ડૉ. મેયર, સ્ટે. કમિટી ચેરમેન, બ્રહ્મઅગ્રણી અને બીજેપી અગ્રણી વિપુલ ઠાકર, ડૉ. યજ્ઞનેશભાઈ દવે, રૂચિરભાઈ ભટ્ટ, સુનિલભાઈ ત્રિવેદી વગેરે બીજેપીના નેતાઓની વિશેષ ઉપસ્થિતિ રહેશે તેમ અખબારી યાદીમાં બ્રહ્મસમાજ તરફથી વિપુલભાઈ ઠાકર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સે-૭-એ વસાહત મંડળ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા વસાહત મંડળના પૂર્વ પ્રમુખ શિવરામભાઈ પટેલની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે પર્યાવરણ પ્રેમી દિનેશભાઈ સંતોકીના સહકારથી વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ જેટલા ફળાઉ, રંગબેરંગી અને આયુર્વેદિક રોપાઓનું વાવેતર કરી વૃક્ષ વાવો, જીવન બચાવો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, નિવૃત્ત સચિવ નારાયણભાઈ મોદી, ડૉ. એ.એસ. ગોળકિયા, મહેન્દ્રભાઈ ગજજર, એડવોકેટ સીરાઝભાઈ ગોરી, જગદીશભાઈ પંડયા, પ્રો. એ.કે. બીલખીયા, રાજેશભાઈ એસ. પટેલ, મહેશભાઈ એસ. પટેલ, બિપીનભાઈ ભટ્ટ, યોગેશભાઈ રાવલ, મંડળના હોદેદારો, કારોબારી સભ્યો અને મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળના પ્રમુખ જશવંત ગાંધી, પ્રોજેકટ ચેરમેન આનંદ સંતોકી અને ખજાનચી ભદ્રેશ શાહે જહેમત ઉઠાવી હતી.